GJSK140008962025

सत्यमेव जयते

:: નુમના–અ :: આંક–

| વડાલીના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં મુ.વડાલી જી.સાબરકાંઠા<br>ચુકાદાની તારીખ : ૧૦/૦૮/૨૦૨૬<br>ફોજદારી કેસ નં.૭૨૨/૨૦૨૫ | |
|---|---|
| :: ગુનાની વિગત :: | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧,૧૦૬(૧),૧૨૫(એ),૧૨૫(બી),૩૨૪ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪,૧૩૪બી |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૯૦૫૪૨૫૦૩૭૨/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | વડાલી પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી.જે.એ.રાવલ |
| આરોપી પક્ષ | **ઉપેન્દ્રકુમાર હસમુખભાઇ સુથાર,**<br>ઉ.વ.આ.૪૯,ધંધો–કન્સ્ટ્રકશન,<br>રહે.ગાયત્રીનગરસોસાયટી,વડાલી,તા.વડાલી,<br>જી.સાબરકાંઠા |
| રજુઆત | વિ.વ.શ્રી.ડી.એન.પટેલ |

:: નમુના –બ ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૨/૦૭/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૪/૦૭/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૦૩/૧૦/૨૦૨૫ |
| પ્લી નોંધ્યા તારીખ | ૧૭/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૩૦/૦૧/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ–લાગુ પડે તો | – |

**:: આરોપીની વિગત ::**

| નંબર | આરોપીનુ નામ | ધરપડક ની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા /સજા કરી | કરવામાં આવેલી સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ઉપેન્દ્રકુમાર હસમુખભાઇ સુથાર | ૦૪/૦૮ /૨૦૨૫ | ૦૪/ ૦૮/ ૨૦૨૫ | બી.એન.એસ કલમ-૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), (બી),૩૨૪ તથા એમ.વી. એકટ કલમ- ૧૭૭,૧૮૪, ૧૩૪બી | નિદોષ | | -- |

**:: નમુના – ક ::**

ફરીયાદી/બચાવ/ ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદપક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સ.૧ | ધીરારામ દેવાજી રબારી | પંચ |
| ફ.સ.૨ | ભીમારામ સમર્થારામ રબારી | પંચ |
| ફ.સ.૩ | શંકરલાલ વનારામ રબારી | ફરીયાદી |
| ફ.સ.૪ | ભીમારામ કીકારામ રબારી | સાહેદ |
| ફ.સ.૫ | હરજીરામ તેજાજી રબારી | સાહેદ |
| ફ.સ.૬ | સંજયભાઇ શંકરભાઇ માળી | સાહેદ |
| ફ.સ.૭ | મદનભાઇ શંકરભાઇ માળી | સાહેદ |

બ. બચાવપક્ષ

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | -- | -- |

ક. ન્યાયાલય

| અનુ.નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | -- | -- |

ફરીયાદી/બચાવ/ ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદ આંકની યાદી

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૨ | વાહનનુ પંચનામુ |
| ૨ | ૧૯ | અસલ ફરીયાદ |

| | | |
|---|---|---|
| ૩ | ૨૬ | મરણોતર પંચનામું |
| ૪ | ૨૭ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૫ | ૨૮ | વાહનોનું પંચનામુ |
| ૬ | ૨૯ થી ૩૨ | મેડીકલ સર્ટીફીકેટો |
| ૭ | ૩૩ | પી.એમ.નોટ |
| ૮ | ૩૪ | સ્થળપરીક્ષણ અહેવાલ |
| ૯ | ૩૫ થી૩૭ | એકસીડન્ટ રીપોર્ટ |

બ. બચાવ આંકની યાદી

| અનુ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | – | –– |

ક. ન્યાયાલય આંકની યાદી

| અનુ.નં. | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | –– | –– |

ડ. ભૌતિક પદાર્થ

| અનુ.નં. | આંકની સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | –– | –– |

**–: ઠરાવ :–**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમા વિગતો એવી છે કે,આ કામના આરોપીએ ગઇ તા.૨૨/૦૭/૨૦૨૫ ના ક.૧૩/૩૦ વાગ્યે મોજે વિવાઇ ગામે સમ્રાટ હોટલ આગળ હાઈવે રોડ ઉપર પોતાના કબજાની સફેદ કલરની હ્યુન્ડાઇ ક્રેટા કાર રજી.નં.જીજે.૦૯.બીજે.૦૧૬૯ની પુરઝડપે અને ગફલત ભરી રીતે અને બેદરકારીથી હંકારી રોડ ઉપર આગળ જતી ફરીયાદીની મો.સા. સ્પ્લેન્ડર પ્લસ નં.આરજે.૨૪.એસ.એન.૦૭૬૧ને પાછળથી ટક્કર મારી અકસ્માત કરી ફરીયાદી મોઢાના ભાગે,માથાના ભાગે તેમજ શરીરે વતાઓછી ઈજાઓ પહોચાડી તથા મો.સા.પાછળ બેઠેલ સાહેદ ભલારામ જોરાજી રબારીને શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા રોડની સાઇડમાં ઉભેલ સાહેદ સંજયભાઇ શંકરભાઇ માળીની હ્યુંડાઇ ગ્રાન્ડ આઇ ૧૦ નિયોષ રજી નં.જીજે.૦૯.બીજે.૩૦૬૯ પાછળથી ટક્કર મારી કિ.રૂ.આ–૧૦,૦૦૦/–નું નુકશાન કરી સ્થળ ઉપર ગાડી મુકી નાસી જઈ, ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧,૧૦૬(૧),૧૨૫(એ),૧૨૫(બી),૩૨૪ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪બી મુજબના

ગુન્હાની ફરીયાદ વડાલી પોલીસ સ્ટેશને નોંધાયેલ.આ કામે આરોપી વિરૂધ્ધ ગુન્હો નોંધાતા ત.ક.અ. ધ્વારા ગુનાની તપાસ હાથ ધરેલી અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોય ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલુ.

**(૨) ન્યાયીક કાર્યવાહી :–**

આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં, બી.એન.એસ.એસ.ની કલમ–૨૧૦(૧)(બી)પ્રમાણે આરોપી સામેના ગુન્હા નુ કોગ્નીજન્સ લઇ આરોપીને સમંસ કાઢવામાં આવેલ અને આરોપીને ધોરણસર બજવણી થતાં અત્રેની અદાલત સમક્ષ આરોપી હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલ હતી.ત્યારબાદ આરોપીએ આંક–૯ના નિવેદનમાં આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરેલ હતો અને ફરીયાદી અને સાહેદોની જુબાની ત્યારબાદ રેકર્ડ કરવામાં આવેલી અને ત્યારબાદ હાલના કે સની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

**(૩)** ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાદ આરોપી વિરૂધ્ધ રેકર્ડ પર વિશેષ નિવેદન લેવા પાત્ર પુરાવો ન હોય એફ.એસ. લેવામા આવેલ નથી.સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી.જે.એ.રાવલ તથા આરોપી તર્ફે વિ.વ.શ્રી.ડી.એન.પટેલની દલીલો સાંભળવામાં આવેલ છે .

**(૪)** કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદૃાઓ :–</u>**

(૧) શુ ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ ગઇ તા.૨૨/૦૭/૨૦૨૫ના ક.૧૩/૩૦ વાગ્યે મોજે વિવાઇ ગામે સમ્રાટ હોટલ આગળ હાઇવે રોડ ઉપર પોતાના કબજાની કબ્જાની સફેદ કલરની હ્યુન્ડાઇ ક્રેટા કાર રજી.નં.જીજે.૦૯.બીજે.૦૧૬૯ની પુરઝડપે અને ગફલતભરી રીચે અને બેદરકારીથી હંકારી રોડ ઉપર આગળ જતી ફરીયાદી ની મો.સા.સ્પ્લેન્ડર પ્લસ નં.આરજે.૨૪.એસ.એન.૦૭૬૧ને પાછળથી ટક્કર મારી અકસ્માત કરી ફરીયાદી મોઢાના ભાગે, માથાના ભાગે તેમજ શરીરે વતાઓછી ઈજાઓ પહોચાડી તથા

મો.સા.પાછળ બેઠેલ સાહેદ ભલારામ જોરાજી રબારીને શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી સારવાર દરમ્યાન મોત નીપજાવી તથા રોડની સાઈડમાં ઉભેલ સાહેદ સંજયભાઈ શંકરભાઈ માળીની હ્યુંડાઈ ગ્રાન્ડ આઈ ૧૦ નિયોષ રજી નં.જીજે.૦૯. બીજે.૩૦૬૯ પાછળથી ટક્કર મારી કિ.રૂ.આ–૧૦,૦૦૦/– નું નુકશાન કરી સ્થળ ઉપર ગાડી મુકી નાસી જઈ,ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧,૧૦૬(૧),૧૨૫(એ),૧૨૫(બી),૩૨૪ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪, ૧૩૪બી મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શુ હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દા અંગે ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૬) રેકર્ડ થયેલા પુરાવાનો ટુંકસાર :–**

**(૬.૧)** આ કામે ફરીયાદપક્ષ તર્ફે બચાવપક્ષની સંમતીથી આંક–૨૬ થી રજુ મરણોત્તર પંચનામાને બચાવપક્ષે વિ.વ.શ્રીએ આંકે પાડવા સામે વાંધો લીધેલ ન હોય જે પંચનામુ જોતાં,ભાલારામ બોરાજી રબારીનાઓની લાશનુ મરણોત્તર પંચનામુ પંચોની હાજરીમાં કરેલાનુ જણાય છે અને બાઈક અને ફોર વ્હીલર સાથે અકસ્માત થતાં ઈજા પામતા સારવાર અર્થે સીવીલ હોસ્પીટલ,અસારવા અમદાવાદ દાખલ કરતાં સારવાર દરમ્યાન તેઓનુ મરણ ગયેલાનુ જણાય છે તેમજ આંક–૨૭થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ થયેલ છે જેને આંકે પાડવા સારૂ આરોપીના વિ.વ.શ્રીએ વાંધો લીધેલ ન હોય જેને ધ્યાને લેતાં,ખેડબ્રહમાથી વડાલી જતાં હાઈવે રોડ મોજે વીવાઈ ગામે સમ્રાટ હોટલ આગળ આવેલ છે.સદર જગ્યાએ ફોર વ્હીલ માર્કના નીશાન જણાતા નથી તથા રોડ ઉપર બીજા કોઈ નોંધપાત્ર નીશાન દેખાતા નથી. રોડની બાજુમાં આવેલ ઘાસમાં મો.સા. તથા કારના પ્લાસ્ટીકના ટુકડા તુટેલી હાલતમાં વેરણછેરણ જણાય છે.ગુન્હાને લગતા બીજા કોઈ નોંધપાત્ર નીશાન જણાતા નથી.સદર જગ્યાએથી કોઈ ચીજવસ્તુ તપાસ અર્થે કબજે લીધેલ

નથી.તેમજ આંક–૨૮થી વાહનોના પંચનામાને બચાવપક્ષે વિ.વ.શ્રી. ધ્વારા આંકે પાડવા સામે વાંધો લીધેલ ન હોય જે વાહનોના પંચનામાને ધ્યાને લેતા વાડલી પો.સ્ટેના કંપાઉન્ડમાં અકસ્માત કરનાર વાહન હયુન્ડાઇ કંપનીની ક્રેટા કાર જણાય છે જેની પાછળના ભાગે નંબર પ્લેટ ઉપર રજી.નં.જીજે.૦૯. બીજે.૦૧૬૯નો લખેલ જણાય છે.જેની આગળના ભાગે જોતા બમ્પર, હેડ લાઇટ તુટી ગયેલ જણાય છે નંબરનું પડખું બમ્પર નથી તથા એંજીનના ઉપરનું ભાગેની બોનેટ તુટીને વળી ગયેલ જણાય છે અને આગળની ચેચિસ તથા રેડીયર વળી ગયેલ જણાય છે.આગળનો કાચ ક્રેક થયેલ જણાય છે તેમજ બન્ને સાઇડના ટાયરની ઉપરના પડખા વળી ગયેલ જણાય છે.તેમજ ખાલી સાઈડે નિચેના ભાગે મો.સા.ફસાઇ જવાથી જેનું સાઇલેન્સર ટાયરમાં ફસાઇ ગયેલાનું જણાય છે તથા સદર ગાડીની અંદરના ભાગે જોતા આગળની બન્ને એરબેગ ખુલી ગયેલ હાલતમાં જણાય છે અને કાચના ટુકડા ગાડીની અંદર વેરણ છેરણ પડેલ જણાય છે તેમજ અકસ્માતથી આગળનો ભાગ સંપુર્ણ નુકશાન થયેલ હાલતમાં જણાય છે.તેમજ સદર ગાડીની બાજુમાં એક મો.સા.રાખેલ છે જે મો.સા.હિરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ છે જેના પાછળના ભાગે નંબર વળી ગયેલ હોઈ જે પ્લેટ ઉપર રજી.નં–આરજે.૨૭.એસએન. ૦૭૬૧નો લખેલ જણાય છે મો.સા.નો આગળનો ટોપાનો ભાગ સ્પિડો મિટર તુટી ગયેલ જણાય છે તેમજ મો.સા.નો આગળનો ચિપીયો વળી ગયેલ છે તથા ડાબી બાજુએ પેટ્રોલ ટાંકી અંદરના ભાગે વળી ગયેલ છે તથા સાઇડની ભાગે લેગગાર્ડ તથા પગના સ્ટેન્ડ તુટીને વળી ગયેલ  છે તથા પાછળના ભાગે કેરીયર તથા નંબર પ્લેટ તેમજ લાઇટ વળી ગયેલ જણાય છે અને સાઇલેન્સર જણાતું નથી.તેમજ જમણી બાજુ જોતા બન્ને બાજુ મો.સા ના લેગગાર્ડ તથા પગના સ્ટેન્ડ વળી ગયેલા છે.ચેન કવર તુટી ગયેલ છે અને આ અકસ્માતમાં મો.સા.ને આશરે રૂા.૧૦,૦૦૦/–નુ નુકશાન થયેલ જણાય છે.સદર મો.સા.ની બાજુમાં આ કામના સાહેદ સંજયકુમાર શંકરલાલ માળીનાઓની ગાડી રાખેલ જણાય છે જે ગાડી જોતા હ્યુન્ડાઇ કંપનીની ગ્રાન્ડ નિયોશ જણાય છે જેની આગળ પાછળના ભાગે રજી નં.જીજે.૦૯.બીજે.૩૦૬૯નો લખેલ જણાય છે જેની પાછળના ભાગે જોતા ગાડીનો ભાગ અકસ્માત થવાથી પતરાનો ભાગ બેસી ગયેલ છે તથા નંબર પ્લેટ વળી ગયેલ છે તથા પાછળનો

કાચ કુટીને કાચના ટુકડા અંદરના ભાગે વેરણછેરણ થયેલ જણાય છે તથા પાછળનું બમ્પર તુટીને વળી ગયેલ જણાય છે તે સિવાય અન્ય કોઈ નોધ પાત્ર નિશાન ચિહ્નો જણાતા નથી અને સદર અકસ્માતથી ગાડીને આશરે રૂ.૧૦,૦૦૦/–નુકશાન થયેલ જણાય છે.તેમજ સદર પંચનામા દરમ્યાન પોલીસે અકસ્માત કરનાર વાહન સફેદ કલરની હ્યુન્ડાઈ ક્રેટા કાર રજી.નં. જીજે.૦૯. બીજે.૦૧૬૯ની કિ.રૂ.૫,૦૦,૦૦૦/– ની ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે તે સિવાય અન્ય કોઈ ચિજવસ્તુ મળી ના આવતા તપાસ અર્થે કબ્જે કરેલ નથી.તેમજ આંક–૨૯થી મેડીકલ સર્ટીફીકેટ રજુ છે જે બચાવપક્ષે વિ.વ.શ્રી. ધ્વારા આંકે પાડવા સામે વાંધો લીધેલ ન હોય જે મેડીકલ સર્ટીફીકેટ શંકરલાલ વનારામજી રબારીનુ છે તેમજ આક–૩૦થી મેડીકલ સર્ટીફીકેટ રજુ છે જે બચાવપક્ષે વિ.વ.શ્રી. ધ્વારા આંકે પાડવા સામે વાંધો લીધેલ ન હોય જે મેડીકલ સર્ટીફીકેટ ભાલાજી રબારીનુ છે જે જોતા તેઓને ઈજા થયેલાનુ જણાય છે.આક–૩૧થી મેડીકલ સર્ટીફીકેટ રજુ છે જે બચાવપક્ષે વિ.વ.શ્રી. ધ્વારા આંકે પાડવા સામે વાંધો લીધેલ ન હોય જે મેડીકલ સર્ટીફીકેટ શંકરલાલ વનારામજી રબારીનુ છે જે જોતા તેઓને ઈજા થયેલાનુ જણાય છે.આક–૩૨થી મેડીકલ સર્ટીફીકેટ રજુ છે જે બચાવપક્ષે વિ.વ.શ્રી. ધ્વારા આંકે પાડવા સામે વાંધો લીધેલ ન હોય જે મેડીકલ સર્ટીફીકેટ જોતાં ભાલાજી ભેરાજી રબારીનુ છે જે જોતા કે.ડી.હોસ્પીટલ ધ્વારા આપવામાં આવેલ છે અને તેઓને ઘુંટણ નીચે ઈજા થયેલાનુ જણાય છે.તેમજ આંક–૩૩થી રજુ પી.એમ. રીપોર્ટને બચાવપક્ષે વિ.વ.શ્રી. ધ્વારા આંકે પાડવા સામે વાંધો લીધેલ ન હોય જે પી.એમ. રીપોર્ટ જોતાં તે ભાલારામ બોરાજી રબારીનુ છે અને સીવીલ હોસ્પીટલ અસારવા, અમદાવાદ ધ્વારા આપવામાં આવેલ છે.જેમાં મરણના કારણમાં આખા શરીરમાં અનેક ઈજાઓ પછી રકસ્ત્રાવ અને આઘાતથી મરણ થયેલાનુ જણાવેલ છે તેમજ આંક–૩૪થી સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ છે જેને બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા આંકે પાડવા સામે વાંધો લીધેલ ન હોય જે અહેવાલ જોતા બનાવવાળી જગ્યા પર કોઈ બ્રેકમાર્કના કોઈ નોંધપાત્ર નીશાનો જોવા મળતા નથી તેમજ આંક–૩૫ થી આંક–૩૭ સુધી રજુ એકસીડન્ટ રીપોર્ટને બચાવપક્ષે વિ.વ.શ્રી. ધ્વારા આંકે પાડવા સામે વાંધો લીધેલ ન હોય જે સર્ટફીકેટ ધ્યાને લેતાં જે

અકસ્માતમાં સંડોવાયેલ વાહનોના છે.જેથી સદર દસ્તાવેજી પુરાવાઓ સમર્થનકારક પુરાવા હોય તેને ફરીયાદપક્ષના મહત્વના પુરાવાઓની સાથે વંચાણે લેવા જરૂરી હોય છે.જ્યારે ફરીયાદપક્ષના મહત્વના પુરાવાઓથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળતું ન હોય ત્યારે સદર સમર્થનકારક પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તેમની સામે આક્ષેપાયેલ ગુન્હા સાથે સાંકળી શકાય નહી.

(૬.૨) ફરીયાદપક્ષે **પંચસાહેદ–ધીરારામ દેવાજી રબારીની આંક–૧૧** તથા **પંચસાહેદ–ભીમારામ સમરથારામ રબારી**નાઓની આંક–૧૩થી જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,સમ્રાટ હોટલ પાસે થયેલ અકસ્માત બાબતે સમાચાર મળેલા કે, રાજસ્થાન ના ભલાજી રબારીને અકસ્માત થયેલ છે જેથી તેઓ સમાચાર મળ્યા બાદ બનાવ સ્થળે આવેલા ત્યારબાદ પોલીસે તેઓને વડાલી પો.સ્ટે. બોલાવી એક પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ પંચનામામાં સહી કરેલી. પંચનામામાં તેઓએ પંચો તરીકે તેઓની સહી ઓળખી બતાવી છે.જે પંચનામાને રજુ દાખલ આંક–૧૨ આપવામા આવે છે.સદર સાહેદો તેઓના પંચનામામાં જણાવેલ હકીકતોને સમર્થન કરતા ન હોઇ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને આરોપી તર્ફે સાહેદની ઉલટ તપાસમાં તેઓ સ્વીકાર કરે છે કે,પંચનામામાં માત્ર સહી કરેલી.પંચનામાની હકીકત બાબતે તેઓ કશુ જાણતા નથી.તેવા સંજોગોમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે જીવાભાઇ ટી.વસાવા વિ.ગુજરાત રાજય (૨૦૦૪)(૧) જીએલઆર ૪૬૦ના સુપ્રસિધ્ધ રીપોર્ટેડ ચુકાદામાં ઠરાવ્યા અનુસાર,None of the Panch Witnesses have supported the case of the prosecution and the contents of panchnama have also not been proved by Investigation Officer. In such a situation,panchanama cannot be read in evidence. જયારે કોઇ પંચ સાહેદએ પંચનામાની વિગતોને સંપૂર્ણ સમર્થન આપે નહીં તો પંચનામાની વિગતો અનુસાર આક્ષેપિત ગુન્હો બનેલ હોવાનુ શંકાસ્પદ બની રહેલ છે.આમ આંક–૧૨ વાળુ પંચનામુ ફરીયાદપક્ષને મદદરૂપ થઇ શકે તેમ નથી.

(૬.૩) **ફરીયાદપક્ષે ફરીયાદી–શંકરલાલ વનારામ રબારી**નાઓની આંક–૧૮થી જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓ તેમની સરતપાસ માં જણાવેલ છે કે,બનાવ આજથી સાત–આઠ માસ પહેલા બનેલો, બનાવની ચોકકસ તારીખ યાદ નથી.બનાવના દિવસે સવારે તેઓ અને તેમના કાકા ભલારામ મો.સા.લઈને દવા લેવા માટે વડાલી આવતા હતા મો. સા. તેઓ ચલાવતા હતા અને ભલારામ પાછળ બેસેલ હતા,તેઓ બાઈક પર સમ્રાટ હોટલ ઉપર આવેલા અને ત્યાં ચા–પાણી કરી બાઈક લઈને નિકળેલા, **ત્યારે તેઓ બાઈક લઈને એકાદ વાગે જેવા રોડ ઉપર આવેલા તે વખતે એક કીયા ગાડી સફેદ કલરની જે ખેડબ્રહમા તરફથી આવતી હતી તે ગાડીએ પાછળથી ફાસ્ટમાં આવીને તેઓની મો.સા.ને ટકકર મારતા** તેઓ અને ભલારામ રોડની સાઈડમાં ફંગોળાઈ ગયેલા જેથી તેમને માથાના ભાગે અને શરીરના ભાગો પર ઈજાઓ થયેલી અને **તેઓ સ્થળ પર બેભાન થઈ ગયેલા અને ત્રણ દિવસ પછી સારવાર દરમિયાન પછી ભાનમાં આવેલા** અને તેમના કાકા ભલારામને પણ ગંભીર ઈજાઓ થયેલી હતી અને તેઓ બેભાન જેવા થઈ ગયેલા હતા,તેઓ દવાખામાં ભાનમાં આવેલ ત્યારે તેમને જાણવા મળેલ કે તેમના કાકાને દવાખાને લઈ જતા દરમિયાન તેઓ મરણ પામેલા.**બનાવ વખતે તેઓ બેભાન થઈ ગયેલા હતા જેથી તેઓએ અકસ્માત કરનાર ગાડીનો નંબર જોયેલ નથી જેથી હાલમાં ગાડીનો નંબર યાદ નથી પણ તેઓએ તેમાની ફરીયાદમાં લખાવેલો.**બનાવ બાદ તેમને સૌપ્રથમ વડાલી સીવીલમાં સારવાર માટે લઈ ગયેલા અને ત્યાંથી હિંમતનગર પ્લુટો હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા અને તેમને જાણવા મળેલ કે,તેમના કાકા ભલારામને છેલ્લે અમદાવાદ સવીલમાં સારવાર માટે લઈ ગયેલા ત્યાં તેમનુ મરણ થયેલુ, **તેઓની બાઈકને ટકકર માર્યાબાદ ટકકર મારનાર ગાડીના ચાલકે ઉભી રહેલ અન્ય એક ગાડીને પણ ટકકર મારેલી હતી** જે બનાવ બાબતે તેઓએ ટકકર મારનાર ગાડીના ચાલક વિરુધ્ધ વડાલી પો.સ્ટે.માં ફરીયાદ આપેલી કેસના રેકર્ડમાંથી ફરીયાદની ખરી નકલ બતાવતાં જેમાં તેઓની સહી છે જે સહી ઓળખી બતાવે છે,જે ફરીયાદને રજુ દાખલ આંક–૧૯આપવામાં આવેલ. **બનાવ સમયે અકસ્માત કરનાર ગાડીના ચાલકને તેઓએ જોયેલ નહી પરંતુ ઉભી રહેલ ગાડી જેની સાથે ટકકર વાગેલી તેના ચાલકે જોયેલાનુ તેમને**

**બાદમાં જાણવા મળેલુ**.તેમજ સદર સાહેદ બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં **એ વાતનો સ્વીકાર કરે છે કે,**બનાવના દિવસે તેઓ તેમના ઘરેથી સવારના આશરે સાડા નવ વાગે નિકળેલા અને વડાલી ગામ સુધી પહોંચતા આશરે ત્રણ કલાક જેટલો સમય લાગેલો અને સમ્રાટ હોટલ પાસે ૧૦-૧૫ મિનીટ નાસ્તા માટે ઉભા રહેલા.બનાવવાળી જગ્યા ખેડબ્રહમા-ઈડર હાઈવે છે અને ત્યાં ઘણા બધા વાહનોની અવરજવર રહે છે.**બનાવ સમયે તેઓ ખેડબ્રહમાથી વડાલીવાળા રોડ પર ચડવા ગયેલા અને તેમની બાઈકને અકસ્માત કરનાર વાહન તેઓની પાછળથી આવેલુ.**તેઓની બાઈકને અકસ્માત થતા તેઓ નીચે પડી જતા તરત બેહોશ થઈ ગયેલો.**એ વાતનો અસ્વીકાર કરે છે કે,**હાઈવે પર એક ફોરવ્હીલર ઉભી હતી અને તેને ઓવરટેક કરીને તેઓ રોડ ઉપર ચડવા ગયેલા.અકસ્માતવાળો બનાવ આરોપીની બેદરકારીના કારણે બનેલ ન હોવા છતાં કલેઈમની રકમ મેળવવા માટે હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

**(૬.૪) ફરીયાદપક્ષે સાહેદ-હરજીરામ દયારામ રબારી**નાઓની આંક-૨૨થી જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,બનાવ તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ બનેલો,બનાવ વખતે બપોરના તેઓ તેમના કામથી ખેડબ્રહમાં હતો ત્યારે તેમના પર ફોન આવેલો અને જણાવેલ કે,શંકરલાલને અકસ્માત થયેલ છે જેથી તેઓ મો.સા.લઈને સમ્રાટ હોટલ આગળ આવેલા,ત્યારે તેમને ભીમારામે જણાવેલ કે,'એકાદ વાગે હુ સમ્રાટ હોટલ વિવાઈ ખાતે મારા પાર્લર પર હાજર હતો ત્યારે મારા પાર્લર પર શંકરલાલ બનારામ રબારી અને ભલારામ જોલાજી રબારી મો.સા. પર આવેલા અને તેઓએ દવાખાને જવા નિકળેલાનુ જણાવેલ અને તેઓ મારી હોટલ પર ચા-પાણી કરી અડધો એક કલાક જેવુ બેસીને મો.સા.લઈને વડાલી તરફ જવા નિકળેલા અને તેઓ હાઈવે પર મો.સા.પર જતા હતા ત્યારે જોરથી અકસ્માત થયાનો અવાજ આવતા હુ મારા પાર્લર પરથી દોડીને રોડ પર અકસ્માત થયેલ ત્યાં ગયેલો,અને ત્યાં જોયેલ તો શંકરલાલની મો.સા.ને અકસ્માત થયેલો અને અકસ્માત કરનાર એક સફેદ કલરની ક્રેટા ગાડી હતી, શંકરલાલ રોડની સાઈડમાં પડેલા હતા,તેઓને માથામાં અને શરીરે ઈજાઓ થયેલ હતી.ભલારામને પણ પગના ભાગે ઈજાઓ થયેલ હતી અને તેઓ

બેભાન થઈ ગયેલા હતા.મે બનાવ વખતે ક્રેટા ગાડીનો નંબર જોયેલો જે નંબર હાલમાં મને યાદ નથી પણ જવાબમાં લખાવેલો.સદર ગાડીની આગળ આ ક્રેટા ગાડી એક બીજી ગાડીને પણ અથડાયેલ હતી જે ગાડીનો નંબર મને યાદ નથી.હુ સ્થળ આવેલો ત્યારબાદ આજબાજુમાથી માણસો ભેગા થઇ ગયેલા હતા અને કોઇએ ૧૦૮ બોલાવતા હુ આ બંનેને ૧૦૮ માં વડાલી સીવીલમાં લઇ ગયેલો અને પાર્લર ખુલ્લુ હોય હુ પાર્લર પર આવી ગયેલો,ત્યારબાદ મને જાણવા મળેલ કે,શંકરલાલને હિંમતનગર ખાનગી હોસ્પીટલમાં અને ભલારામને ઈડર અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ દાખલ કરેલા ત્યાં ચાલુ સારવાર દરમિયાન ભલારામ જોલાજી મરણ પામેલા હતા,જે બાબતની શંકરલાલ રબારીએ ક્રેટા ગાડીના ચાલક વિરૂધ્ધ ફરીયાદ આપેલી,જે ફરીયાદના કામે તેઓનો જવાબ લીધેલો.તેમજ સદર સાહેદની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં **એ વાતનો સ્વીકાર કરે છે કે,અકસ્માતનો બનાવ બનેલો ત્યારે તેઓ બનાવવાળી જગ્યાએ હાજર નહોતા.**

(૬.૫) **ફરીયાદપક્ષે સાહેદ-સંજયભાઇ શંકરલાલ માળી**નાઓની આંક -૨૩થી જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો,બનાવની ચોકકસ તારીખ યાદ નથી,બનાવના દિવસે તેઓના ભાઇ મદનભાઇનાઓ હુન્ડાઇ નીયોસ ગાડી લઇ ખેડબ્રહમાથી હિંમતનગર જવા નિકળેલા ત્યારે બપોરે તેઓએ ફોન કરી જણાવેલ કે,તેઓની ગાડીને બીજી એક ક્રેટા ગાડીની ટકકર વાગતા નુકશાન થયેલ છે,તેમને કોઇ ઈજા થયેલ નથી,તેવા સમાચાર મળેલા,ત્યારબાદ આગળ શુ થયેલ તે અંગે તેઓ કશુ જાણતા નથી.બનાવ વખતે તેઓ સ્થળ પર હાજર ન હોય બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નથી,બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો.સદર સાહેદ તેઓના પોલીસ રૂબરૂના નીવેદનની હકીકતોને સમર્થન કરતા ન હોઇ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને બચાવપક્ષ તર્ફે સાહેદની ઉલટ તપાસમાં તેઓ **સ્વીકાર કરે છે કે,બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા અને બનાવ તેઓએ નજરે નજર જોયેલ નથી,જેથી બનાવ કેવી રીતે બનેલો તે તેઓ કહી શકે નહીં.**

(૬.૬) **ફરીયાદપક્ષે સાહેદ–મદનભાઈ શંકરલાલ માળી**નાઓની આંક –૨૫થી જુબાની રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓ તેમની સરતપાસમાં જણાવેલ છે કે,બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો, બનાવની ચોકકસ તારીખ યાદ નથી,બનાવના દિવસે તેઓ હુન્ડાઇ નીયોસ ગાડી લઇ ખેડબ્રહમાથી હિંમતનગર જવા નિકળેલા ત્યારે રસ્તામાં સમ્રાટ હોટલ નજીક તેઓના મિત્રનો ફોન આવતા તેઓ તેમને લેવા માટે **સમ્રાટ હોટલની આગળ કાંરી તરફ કાચા રસ્તે હાઇવે રોડની બાજુમાં રાહ જોતા તેઓની ગાડીની ડ્રાઇવર સાઈડે બેસેલ હતો,થોડીવારમાં પાછળથી કોઇ વાહને તેમને જોરદાર ટકકર મારેલી અને તેઓના શરીરે જટકો વાગતા તેમને કોઈ ઈજા ન થયેલી, તેઓએ ગાડીમાંથી નીચે ઉતરી જોયેલ તો એક સફેદ કલરની ક્રેટા ગાડીના ચાલકે તેઓની ગાડીને પાછળના ભાગે ટકકર મારેલી હતી,**તેઓની ગાડી પાછળથી વધુ તુટીને પતળુ અંદરના ભાગે બેસી ગયેલ હતુ અને સફેદ કલરની હુન્ડાઇ ક્રેટા ગાડી જેનો નંબર જીજે.૦૯.બીજે.૧૬૯ હતો.તેમની ગાડીના આગળના ભાગે એક મો.સા.ફસાઇ ગયેલુ હતુ,જેનો નંબર આરજે.૨૪ એસએન.૦૭૬૧ હતો અને તેનો ચાલક અને પાછળ બસેલ વ્યકિતઓ રોડની સાઇડમાં પડેલ હતા અને બંને જણાને ઈજાઓ થયેલ હતી.**તેઓ ગાડીમાંથી નીચે ઉતરેલ ત્યારે ક્રેટાગાડીના ચાલક ત્યાંથી જતા રહેલા હતા જેથી તેઓની ગાડીને ટકકર મારનાર ક્રેટા ગાડીના ચલાકને તેઓએ જોયેલા નહોય તેઓને જોચે ઓળખી શકે નહી** અને તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે કે કેમ તે પણ કહી શકે નહી.બનાવ બાબતે પોલીસે તેઓની પુછપરછ કરી જવાબ લીધેલ હોય તેવુ બનેલ નથી.બચાવપક્ષ તર્ફે સાહેદની ઉલટ તપાસમાં તેઓ **સ્વીકાર કરે છે કે,**બનાવ સમયે તેઓ તેમની ગાડીમાં બસેલ હતા અને આ ગાડી વડાલી તરફ ઉભેલ હતી.તેઓની ગાડી સાથે અકસ્માત કરનાર ગાડી ખેડબ્રહમા તરફથી આવતી હતી.**તેઓનુ મોઢુ વડાલી તરફ હોય અને અકસ્માત કરનાર પાછળથી આવીને તેઓની ગાડીને ટકકર મારેલ હોય તેથી તેવા સંજોગોમાં અકસ્માત થયેલો તે તેઓ કહી શકે નહી.**અકસ્માત કરનાર ગાડીની સ્પીડ કેટલી હતી તે તેઓ કહી શકે નહી.

**(૭) રેકર્ડ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન :–**

ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ મૌખિક પુરાવાનુ તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા તેમજ તેની સાથે ઉભય પક્ષકારો તર્ફે કરાયેલ મૌખિક દલીલો ધ્યાને લેતાં તેમજ હાથ ઉપર રહેલ કેસનું રેકર્ડ વંચાણે લેતાં સ્પષ્ટ થાય છે કે,આ કામના આરોપી સામે બી.એન.એસ. એકટની કલમ–૨૮૧,૧૦૬(૧),૧૨૫(એ),૧૨૫(બી),૩૨૪ તથા એમ.વી.એકટની કલમ –૧૭૭,૧૮૪,૧૩૪બી મુજબના ગુન્હાનો આરોપ રહેલ છે.ફોજદારી કાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર,આરોપી સામે આક્ષેપાયેલ ગુનાહીત કૃત્યની હકીકતો ફરીયાદપક્ષ ધ્વારા વ્યાજબી શંકાથી પર પુરવાર કરવી જોઈએ.આ તબકકે કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં,

**ભારતીય ન્યાય સહીતાની કલમ–૨૮૧**

**Rash driving or riding on a public way**

Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

**ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૬(૧)**

**Causing death by Negligence**

Whoever causes the death of any person by doing any rash or negligent act not amounting to culpable homicide, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

**ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૫(એ)**

**Causing hurt by act endangering life or personal safety of others**

Whoever causes hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with

imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five hundred rupees, or with both.

**<u>ભારતીય ન્યાય સહીતાની કલમ– ૩૨૪</u>**

Whoever with intent to cause, or knowing that he is likely to cause, wrongful loss or damage to the public or to any person, causes the destruction of any property, or any such change in any property or in the situation thereof as destroys or diminishes its value or utility, or affects it injuriously,commits “mischief”.

Explanation 1: It is not essential to the offence of mischief that the offender should intend to cause loss or damage to the owner of the property injured or destroyed. It is sufficient if he intends to cause, or knows that he is likely to cause, wrongful loss or damage to any person by injuring any property, whether it belongs to that person or not.

Explanation 2:Mischief may be committed by an act affecting property belonging to the person who commits the act,or to that person and others jointly.

Illustrations:

1. A voluntarily burns a valuable security belonging to Z intending to cause wrongful loss to Z. A has committed mischief.
2. A introduces water in to an ice-house belonging to Z and thus causes the ice to melt, intending wrongful loss to Z. A has committed mischief.
3. A voluntarily throws into a river a ring belonging to Z,with the intention of thereby causing wrongful loss to Z.A has committed mischief.
4. A, knowing that his effects are about to be taken in execution in order to satisfy a debt due from him to Z, destroys those effects, with the intention of thereby preventing Z from obtaining satisfaction of the debt, and of thus causing damage to Z. A has committed mischief.
5. A having insured a ship, voluntarily causes the same to be cast away, with the intention of causing damage to the underwriters. A has committed mischief.

6. A cause a ship to be cast away, intending thereby to cause damage to Z who has lent money on bottomry on the ship.A has committed mischief.
7. A, having joint property with Z in a horse, shoots the horse, intending thereby to cause wrongful loss to Z. A has committed mischief.
8. A causes cattle to enter upon a field belonging to Z,intending to cause and knowing that he is likely to cause damage to Z’s crop. A has committed mischief.

2. Whoever commits mischief shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine, or with both.
3. Whoever commits mischief and thereby causes loss or damage to any property including the property of Government or Local Authority shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine, or with both.
4. Whoever commits mischief and thereby causes loss or damage to the amount of twenty thousand rupees and more but less than one lakh rupees shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.
5. Whoever commits mischief and thereby causes loss or damage to the amount of one lakh rupees or upwards, shall be punished with imprisonment of either description for a term which may extend to five years, or with fine, or with both.
6. Whoever commits mischief, having made preparation for causing to any person death, or hurt, or wrongful restraint, or fear of death, or of hurt,or of wrongful restraint, shall be punished with imprisonment of either description for a term which may extend to five years, and shall also be liable to fine.

**<u>મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭</u>**

**General provision for punishment of offences.**

Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for the offence be punishable for the first offence with fine which may extend to "five hundred rupees/", and for any second or subsequent offence with fine which may extend to 2"one thousand and five hundred rupees"..

**<u>મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪</u>**

Driving dangerously.

Whoever Whoever, drives a motor vehicle at a speed or in a manner which is dangerous to the public [or which causes a sense of alarm or distress to the occupants of the vehicle,other road users, and persons near roads,] having regard to all the circumstances of case including the nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term [which may extend to one year but shall not be less than six months or with fine which shall not be less than one thousand rupees but may extend to five thousand rupees, or with both], and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine [of ten thousand rupees], or with both.

[Explanation.-- For the purpose of this section,--

a) jumping a red light;

b) violating a stop sign;

(c) use of handheld communications devices while driving;

(d) passing or overtaking other vehicles in a manner contrary to law;

(e) driving against the authorised flow of traffic; or

(f) driving in any manner that falls far below what would be expected of a competent and careful driver and where it would be obvious to a competent and careful driver that driving in that manner would be dangerous, shall amount to driving in such manner which is dangerous to the public.]

**મોટર વ્હીકલ એકટની કલમ–૧૩૪(બી)**

**Duty of driver in case of accident and injury to a person.**

When any person is injured or any property of a third party is damaged, as a result of an accident in which a motor vehicle is involved, the driver of the vehicle or other person in charge of the vehicle shall--

(a) ..... ;

(b) give on demand by a police officer any information required by him, or, if no police officer is present, report the circumstances of the occurrence, including the circumstances, if any, for not taking reasonable steps to secure medical attention as required under clause (a), at the nearest police station as soon as possible, and in any case within twenty-four hours of the occurrence.

2[(c) give the following information in writing to the insurer, who has issued the certificates of insurance, about the occurrence of the accident, namely:---
(i) insurance policy number and period of its validity;
(ii) date, time and place of accident;
(iii) particulars of the persons injured or killed in the accident;
(iv) name of the driver and the particulars of his driving licence.
Explanation.--For the purposes of this section the expression driver includes the owner of the vehicle.]

(૮) ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર,ફરીયાદપક્ષે રજુ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં,આ કામે તપાસેલ **ફરીયાદી–શંકરલાલ વનારામ રબારીની આંક–૧૮ની** સોંગદ પરની જુબાનીમાં **તેઓ બાઇક લઇને એકાદ વાગે જેવા રોડ પર આવેલા તે વખતે એક કીયા ગાડી સફેદ કલરની જે ખેડબ્રમા તરફથી આવતી હતી તેના ચાલકે પાછળથી ફાસ્ટમાં આવી મારી મો.સા.ને ટકકર મારતા તે અને ભલારામ રોડની સાઇડમાં ફંગોળાઇ ગયેલા અને તેઓ બેભાન થઇ ગયેલા અને તેઓને અકસમાત કરનાર ગાડીનો નંબર જોયેલ ન હોવાનું** જણાવે છે અને **અન્ય ગાડી સાથે ટકકર થયેલી હોય તેના ચાલકે અકસ્માત કરનાર ચાલકને જોયેલાનું જણાવેલું અને પોતાની ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે,તેઓ ખેડબ્રમાથી વડાલીવાળા રોડ પર ચડવા ગયેલ અને તેમની બાઇકને અકસ્માત થયેલો** અને આ કામે **ફરીયાદીપક્ષે ભીમારામ કીકારામ રબારીનાઓને આંક–૨૧થી તપાસવામાં આવેલ છે** તેઓ બનાવ સમયે અવાજ સાંભળી બનાવવાળી જગ્યાએ ગયેલા અને તેઓ જણાવે છે કે **અકસ્માત કરનાર ક્રેટા ગાડી હતી અને શંકરલાલ રોડની સાઇડમાં પડેલ હતા અને બનાવ વખતે તેઓએ ક્રેટા ગાડીનો નંબર જોયેલો તે હાલમાં યાદ નથી અને તેઓ બનાવ સ્થળે દોડીને આવેલા તયારે ક્રેટાનો ચાલ જતો રહેલો અને તેથી તેઓને જોયેલ નથી અને કોર્ટમાં આજરોજ હાજર છે કે કેમ તે પણ કહી શકે નહી અને** ઉલટતપાસમાં સ્વીકારે છે કે,**બનાવ કેવી રીતે બનેલો તેની તેમને ખબર નથી અને** ફરીયાદીપક્ષે અન્ય **સાહેદ હરજીરામ દયારામ રબારીનાઓને** આંક–૨૨થી તપાસેલા છે અને તેઓ પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે,**બનાવ બનેલો ત્યારે તેઓ બનાવવાળી જગ્યાએ હાજર ન હતા** ફરીયાદપક્ષે **સાહેદ–સંજયભાઇ શંકરલાલ માળીનાઓને** આંક–૨૩થી તપાસેલા છે જેઓ પોતાની ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,

**બનાવ સમયે તેઓ પોતાના ઘરે હતા અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી તેથી બનાવ કેવી રીતે બનેલો તે કહી શકે નહી અને** ફરીયાદપક્ષે **સાહેદ–મદનભાઈ શંકરલાલ માળીનાઓને આંક–૨૫થી** તપાસેલા છે તેઓ જણાવે છે કે,તેઓ રોડની બાજુમાં રાહ જોતા મારી ગાડીની ડ્રાઈવર સાઈડ બેસેલ હતો તચારે પાછળથી કોઈ વાહને તેઓની ગાડીને જોરદાર ટકકર મારેલી અને તેમણે થયેલ તો સફેદ કલરની ક્રેટા ગાડી હતી અને જેનો નં.જીજે–૦૯–બીજે–૧૬૯નો હતો અને તેની આગળ એક મો.સા. જેના આરટીઓ રજી. નં.આરજેર૪–એસએન–૦૭૬૧ના હતા અને તેઓએ ગાડીના ચાલકને જોયેલા ન હોય ઓળખી શકે નહી અને ઉલટતપાસમાં કેવા સંજોગોમાં આ અકસ્માત થયેલ હોય તે કહી શકે તેમ ન હોય તેવું જણાવેલ છે. આમ,સમગ્ર પુરાવો ધ્યાને લેતા અકસ્માત કરનાર ચાલકને કોઈ નજરે જોનાર સાહેદો કે ઈજા પામનાર સાહેદોએ જોયેલ ન હોવાનું જણાવે છે કે અને અકસમાત કરનાર સફેદ ક્રેટા જેનો નં.જીજે–૦૯–બીજે–૧૬૯નો હોવાનું જણાવે છે અને અકસ્માત કરનાર વાહન આરોપીની માલીકીનુ હોય કે તેઓએ આ વાહન બેદરકારી કે ગફલતભરી રીતે પોતાનું વાહન ચલાવી અકસ્માત કરેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષ પુરવાથી પ્રસ્થાપીત કરી શકેલ નથી.

(૯) આમ,હાલના આરોપીએ જ પોતાના કબજાવાળા વાહન પુરઝડપે, બેદરકારી કે ગફલતભરી રીતે ચલાવી ફરીયાદી મુજબનો અકસ્માત કરીને મરણજનારને ઈજા કરી મોત નીપજાવેલ હોય તેવુ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ અસફળ રહેલ છે.આમ,સમગ્ર પુરાવો જોતાં અકસ્માત કરના વ્યકતીની ઓળખ છતી થતી નથી તેમજ આરોપીએ પોતાના કબજા હવાલાવાળુ વાહન ગફલતભરી અને બેદરકારીથી પોતાનુ વાહન ચલાવેલ હોય અને કેવા પ્રકારની ગફલતભરી અને બેદરકારીવાળી વર્તણુંક હતી અને આરોપીની બેદરકારીવાળી કારણે હાલનો અકસ્માત બનેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી કે આ કામે સ્થળસ્થિતી કે આ કામે સ્થળ સ્થિતીનો કોઈ નકશો રજુ કરવામાં આવેલ નથી ત્યારે ફરીયાદપક્ષના સંપૂર્ણ સમર્થનના અભાવે આરોપીએ પોતાનુ વાહન ગફલતભરી અને બેદરકારીથી ચલાવી અકસ્માત કરેલ હોવાનુ પુરવાર માની શકાય તેમ નથી. ફરીયાદપક્ષના કેસને આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે ગુનો પુરવાર થઈ શકે તેવુ સમર્થન મળી શકેલ

નથી ત્યારે સમગ્ર પુરાવો જોતાં તેના આધારે આરોપીને આક્ષેપીત ગુના માટે સજા કરી શકાય તેમ ન હોય આ કામે આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧,૧૦૬(૧),૧૨૫(એ),૧૨૫(બી),૩૨૪ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪બી મુજબના ગુન્હામાં મુખ્ય તત્વો પુરવાર કરેલ ન હોય અને હકીકત ફરીયાદપક્ષે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવી જોઇએ. આમ,ફરીયાદપક્ષ આરોપી સામેના આક્ષેપયુકત અપરાધને વ્યાજબી શંકાથી પુરવાર કરી શકેલ ન હોય, મુદ્દા નં.૧નો નિર્ણય ''**નકારમાં**'' ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના **આરોપી–ઉપેન્દ્રકુમાર હસમુખભાઇ સુથાર**,રહે. ગાયત્રીનગર સોસાયટી,વડાલી,તા.વડાલી,જી.સાબરકંઠાનાઓને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧,૧૦૬(૧),૧૨૫(એ),૧૨૫(બી),૩૨૪ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪, ૧૩૪બી મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ બી.એન.એસ.એસ. એકટની કલમ–૪૮૦ના પ્રબંધો મુજબ રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપીયા પંદર હજાર પુરા)ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા અપીલ સમય સુધી રજુ રાખવા ત્યારબાદ રદ ગણવા.

આ ઠરાવ આજરોજ તા.૧૦મી,માહે–ઓગષ્ટ,સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુકામ: વડાલી**
**તા.૧૦/૦૮/૨૦૨૬**

**(સુનિલકુમાર એમ.પટેલ)**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,વડાલી**
**યુ.આઇ.સી.–જીજે૦૧૭૦૪**

//R.N.P//